

## હરીફ પ્રત્યે પણ સહાનુભૂતિ

રાજસ્થાનના 'રાણી' નામે શહેરમાં જ્યારથી રમણલાલ મિસ્ત્રીએ બાજુમાં જ વેલ્ડિંગનું કારખાનું શરૂ કર્યું અને ઓછા દરે કામ કરવા માંડયું ત્યારથી મુનીમ ઘાસીરામ ચિંતામાં પડી ગયા હતા; કારણ કે, મિસ્ત્રીના કારખાનાથી તેમની અત્યાર સુધીની ધૂમ કમાણીમાં મોટું ગાબડું પડવા માંડયું હતું. 'આ ભાવે માંડ માંડ પૂરું થાય છે' એમ જણાવી તેમણે શરૂઆતથી જ ઘરાકો પાસેથી ઊંચા ભાવે લીધેલ હતા, જેથી હવે ભાવ નીચા કરવામાં તેમને ઘરાકી તૂટતી ચાલી.

આ બાજુ રમણલાલે કરકસર અપનાવી. 'ઓછે નફે બહોળો વેપાર' એ સૂત્રમાં શ્રદ્ધા રાખી કામ કરવા માંડયું, અને તેમની ઘરાકી વધતી ચાલી.

પૈસા અને પ્રતિષ્ઠાના લોભી મુનીમ ઘાસીરામથી આ સહન થયું નહી, અને તેમણે રમણલાલ મિસ્ત્રીને હંફાવવા નવી તરકીબ રચી.

શહેરમાંનો હાજર તેમજ આવતો 'વેલ્ડિગ રૉડ્સ'નો બધો જથ્થો ખરીદી લીધો,જેથી રમણલાલને તેનો પુરવઠો મળે નહિ.

પોતાની પાસેનો માલ ખલાસ થઈ જતાં રમણલાલ ખરીદી માટે ગયા ત્યારે જાણ થઈ કે તે માલનો હાજર તેમજ આવતો બધો જ જથ્થો મુનીમ ઘાસીરામે ખરીદી લીધેલ છે, અને તેની દેશભરમાં ખેંચ હોવાને કારણે નવો માલ મળતાં મહિનાઓ નીકળી જાય તેમ છે.

રમણલાલ નિરાશ થઈ બધા ઘરાકોને આ વાતની જાણ કરી, ને નવું કામ કરી આપવાની લાચારી દર્શાવી.

બે દિવસ પછી કારખાનાને બંધ કરવાની નોટિસ મૂકી, મજૂરોને છૂટા કર્યા.

નિરુપાયે ઘરાકો મોમાગ્યા ભાવે ઘાસીરામને કામ આપવા લાગ્યા.

તે જ અરસામાં મુનીમ ઘાસીરામવાળા કારખાનાના માલિક શેઠ જયપુરથી
'રાણી' આવ્યા, જયારે આ આખી વાત તેમણે જાણી ત્યારે તેઓ ખૂબ નારાજ થઈ ગયા અને મુનીમ ઘાસીરામને તેમણે કહ્યું : આવેલ પરિસ્થિતનો સામનો કરવામાં તમે વાજબી વલણ લીધું નથી. નફાના લોભમાં ને પૈસાના જોરે શહેરમાંનો 'રૉડ્સ'નો તમામ જથ્થો હાથ કરી, તમે રમણલાલના કારખાનાને બંધ કરાવી, મજૂરોને રોજી વગરના કરી દીધા, તે ઉચિત કહેવાય નહીં. એમના જેવી પરિસ્થિતિમાં આપણને કેટલું દુઃખ થાય !'

શેઠના આ શબ્દો સાંભળી મુનીમ છોભીલા પડી ગયા. તરત જ શેઠે રૉડ્સનો સારો એવો જથ્થો વખારમાંથી મંગાવી, પોતાના બે કારીગરો સાથે રમણલાલને મોકલ્યો ને સાથે ચિઠ્ઠી આપી કે, 'આજે ચાર દિવસ થયા આપનું કારખાનું 'વેલ્ડિંગ રૉડ્સ' ના અભાવે બંધ છે જાણી દુઃખ થયું. આ સાથે તે માલનો જથ્થો મોકલાવેલ છે, અને આપના કારીગર બહારગામ ચાલી ગયેલ હોવાથી અમારા વેલ્ડરોને પણ જોડે મોકલ્યા છે. તેઓ આપનું કામ સંભાળપૂર્વક કરશે. આપ બનતી ત્વરાએ કારીગરોને બોલાવી કારખાનું ચાલુ કરી નાંખશો !'

શેઠના આવા સૌજન્યથી રમણલાલ કૃતજ્ઞતા અનુભવવા લાગ્યા.

તેમણે સલાહસંપથી એકભાવે કામ કરવા માંડયું.

**લેખક :– શાન્તિલાલ બોલે**

**સૌજન્ય :– ચારિત્ર્યની પાઠશાળા**